ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૧૭.૧ ડીગ્રી
ભેજ
સવારે ૬૩ ટકા ● સાંજે ૩૯ ટકા

# શાકભાજીની આવક વધતા ભાવમાં ધરખમ ઘટાડો

## ટામેટાંના ભાવ સૌથી વધુ હતા જે હવે ૧૫ થી ૨૦ રૂપિયે કિલોના ભાવે વેચાઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૪

શિયાળાની મોસમ ખીલી ગઈ છે. સવાર પડતા જ ઠંડીનો





ચમકારો અનુભવાઈ રહ્યો છે. ત્યારે શિયાળામાં સૌથી વધારે ખવાતા લીલા શાકભાજીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. બજારોમાં શાકભાજીની આવક વધવાની સાથે જ શાકભાજીના ભાવમાં અંશતઃ ઘટાડો નોંધાયો છે. તેથી શહેરીજનોએ રાહતના શ્વાસ લીધા છે. હવે ગૃહિણીઓ પણ પોતાના માસિક બજેટ પર પડતો બોજ હળવો અનુભવશે.

છેલ્લા ઘણા સમયથી શાકભાજીની ઓછી આવકને કારણે શાકભાજીના ભાવો આસમાને પહોંચી ગયા હતા અને શાકભાજીમાં શું ખરીદવુ તેની મુશ્કેલી હતી. શાકભાજીની સાથે સાથે કઠોળ અને દાળના ભાવો પણ આસમાને રહ્યા હતા. જેથી દિવાળીના પર્વમાં ઘણા લોકોને આવી મોંઘા ભાવની વસ્તુ ખરીદવી મુશ્કેલ લાગતી હતી. દિવાળીના દિવસોમાં શાકભાજીના ભાવો ઊંચા બોલાતા હતા પરંતુ છેલ્લા ૨ દિવસથી ઠંડીનું પ્રમાણ વધ્યું છે તેમજ વિવિધ બજારોમાં શાકભાજીની આવક થઈ છે. જેથી છેલ્લા બે દિવસથી શાકભાજીના ભાવમાં કિલો દીઠ રૂપિયા ૩૦ થી ૪૦નો અંશતઃ ઘટાડો જોવા મળી રહ્યો છે. જેને કારણે ગૃહિણીઓને થોડી ઘણી રાહત મળશે.

શિયાળાની ઠંડીમાં લીલા શાકભાજી મળી રહેતા તે આરોગ્ય માટે પણ ખૂબ સારૂ હોવાનું જણાવી રહ્યા છે. શાકભાજીના ભાવોમાં ઘટાડો શિયાળાની ઋતુના વિધિવત આગમન ગૃહિણીઓ માટે આનંદના સમાચાર લાવ્યા છે. આ સાથે શિયાળામાં લીલા શાકભાજી આરોગ્યપ્રદ હોવાનું તબીબો જણાવી રહ્યા છે.

શહેરના બજારોમાં ટામેટા જે સૌથી મોંઘા વેચાતા હતા તેના ભાવમાં ઘટાડો નોંધાયો છે. ટામેટા ૧૫ થી ૨૦ રૂપિયાના ભાવમાં વેચાઈ રહ્યા છે. લીંબુ, આદુ, ગાજર, પાલખ, બીટ, લીલી હળદર, લીલુ લસણ, લીલા મરચાં, લીલી ડુંગળી, મૂળાની મબલક આવક થઈ છે. પખવાડિયા પછી શિયાળુ સિઝન જ્યારે જામશે ત્યારે વિવિધ ૪૫ પ્રકારના શાકભાજીની આવક થશે. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ સુધી અમુક શાકભાજીની અન્ય રાજ્યોમાંથી આયાત કરવામાં આવતી હતી હવે સ્થાનિક ઉત્પાદન ખૂબ સારૂ થતા તેમજ અમુક રાજ્યોમાં ભારે વરસાદ જતા શાકભાજીની નિકાસ શરૂ કરાઈ છે.

### શાકભાજીના ભાવ (કિલો)

| | |
|---|---|
| ટામેટા | ૨૦ રૂપિયા |
| બટાકા | ૩૦ રૂપિયા |
| ડુંગળી | ૪૦ રૂપિયા |
| કોથમીર | ૧૦ની જુડી |
| મરચાં | ૪૦ રૂપિયા |
| ભીંડા | ૪૦ રૂપિયા |
| દુધી | ૩૦ રૂપિયા |
| રીંગણ | ૪૦ રૂપિયા |
| ગીલોડી | ૫૦ રૂપિયા |
| ફુલાવર | ૬૦ રૂપિયા |
| રવૈયા | ૪૦ રૂપિયા |

# લીલા હોટલની સામે ક માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવા નાગરીકોની માંગ



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરની હોટલ લીલા સામે ક માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવા માટે લોક માંગ ઉઠવા પામી છે. વાવોલ ગામમાં સોસાયટી તેમજ ફલેટમાં અનેક વસાહતીઓ રહેવા માટે આવતા વાહનવ્યવહાર વધી જવા પામ્યો છે. જયારે ખ-૪ થી અંડર બ્રિજનો વાવોલના નાગરીકો સૌથી વધુ ઉપયોગ કરે છે. જયારે અંડર બ્રિજ થી વાવોલ તરફ જતા વાહનો અને ક-૫ તરફથી આવતા વાહનો બેફામ ગતિએ આવતા નાના મોટા અકસ્માત થતા રહે છે. ત્યારે ક માર્ગ પર માર્ગની બંન્ને બાજુ સ્પીડ બ્રેકર મુકવા માટે તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી છે.

# ગુડાની રાયસણ સ્થિત આવાસ યોજનાના રહીશોને તગડુ વિજબીલ

## યુ જી વી સીએલની બેદરકારીના લીધે આડેધડ વિજબીલ આપી દેવાતા ગરીબ લાભાર્થીઓ મુંઝાયા

ગાંધીનગર તા ૪

રાયસણ સ્થિત ગુડા નિર્મિત એલ આઈ જી આવાસ યોજનાના લાભાર્થીઓને યુ જી વી સી એલ દ્વારા તગડી રકમ સાથે લાઈટ બીલ પકડાવી દેવાતા ગરીબ લાભાર્થીઓએ મુંઝવણમાં મુકાવાનો વારો આવ્યો છે. એકબાજુ ગુડાની આ આવાસ યોજનામાં એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ છે. આવાસોની જાળવણીના અભાવે રહીશો ત્રાહીમામ છે ત્યારે ટી વી ફ્રીજ પણ માંડ હોય તેવા ઘરોમાં હજારોની રકમના લાઈટ બીલનુ વિતરણ થતા રહીશોએ યુ જી વી સી એલની કચેરીએ પસ્તાળ પાડી હતી જો કે ભુલના લીધે આમ બન્યુ હોવાનુ કચેરી કક્ષાએથી સ્વીકારાતા મામલો થાળે પડયો છે. ગ્રાહકો પાસેથી બિલની મુળ રકમ મુજબ વસુલાત કરવામાં આવતા ગુડાની આવાસ યોજનાના રહીશોમાં હાંશકારો પ્રવર્તયો છે.

ગુડા નિર્મિત રાયસણ સ્થિત એલ આઈ જી આવાસોના રહીશો મુંઝવણમાં મુકાયા છે. એકબાજુ ગુડાના આ આવોસોના બાંધકામમાં ગુણવત્તાનો ભારોભાર અભાવ વર્તાય છે. જેના લીધે રોજબરોજ નતનવી સમસ્યાઓ ઉદભવે છે. ગુડાના આ આવાસમાં રહેતા ગરીબ લાભાર્થીઓને લીફટ તેમજ સફાઈ સહીતની કોઈ સુવિધા મળતી નથી.

આવાસોની જાળવણી પણ કરવામાં આવતી નથી. સમયાંતરે પાણીની સમસ્યા પણ ઉદભવે છે. જયારે એક સાંધો ત્યાં તેર તુટે તેવી સ્થિતિ વચ્ચે ગુડાના રાયસણ સ્થિત યોજનાના રહીશોની મુંઝવણ વધી છે. ગુડાના આ આવાસોમાં યુ જી વી સી એલ દ્વારા આપવામાં આવેલા વિજબીલમાં તગડી રકમ જોઈને રહીશોને બેઘડી ચક્કર આવી જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. બંધ મકાન હોય તેવા કીસ્સામાં પણ ૩ થી ૪ હજારના બીલ આપવામાં આવ્યા છે. નાના અમથા એક રૂમના મકાનોમાં રહેતા રહીશોના ઘરે ટી વી કે ફ્રીજ જેવા ઉપકરણો પણ માંડ છે. ત્યારે વિજળીનો ઉપયોગ પણ સિમિત જ હોય તે સ્વાભાવિક છે. આવા સંજોગોમાં તગડા બીલ પકડાવી દેવાતા રહીશો બીલ વાંચતા જ આશ્ચર્યચકિત થઈ ગયા હતા જયારે બીલનુ ચુકવણુ કરવા જતા યુ જી વી સી એલની કચેરીએથી આ ભગો ચિતરાયો હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. યુ જી વી સી એલ દ્વારા નવુ સોફટવેર તૈયાર કરાયુ હોવાના લીધે આ એરરનુ પરિણામ હોવાનુ પણ ગુડાની આવાસ યોજનાના રહીશો જણાંવી રહ્યા છે. જો કે વિજબીલ ચુકવવા અલબત્ત આ મામલે ઈન્કવાયરી કરવા ગયેલા રહીશોને યુ જી વી સી એલની કચેરીએથી આ ભુલના લીધે થયુ હોવાનો એકરાર પણ કરવામાં આવી રહ્યો છે. વિજબીલની રકમ ચુકવવામાં ચુક થતા એક ઝાટકે જ જોડાણ કટ કરી નાંખતા યુ જી વી સી એલના તંત્ર દ્વારા ગ્રાહકોને ખુલાસો કરીને બીલની મુળ રકમ વસુલવામાં આવતા ગુડાની આવાસ યોજનાના રહીશોમાં હાંશકારો પ્રવર્તયો છે.

# કોલવડા રામજી મંદિર ખાતે અમૃત મહોત્સવ ઉજવાયો













ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના કોલવડા ગામના પાટીદાર રામજી મંદિર ના ૭૫ વર્ષ પૂરા થતા અમૃત મહોત્સવ નિમિત્તે વિશ્વ જન કલ્યાણના હેતુસર તા ૩૧/૧૦/૨૦૨૨ થી તા ૦૨/૧૧/૨૦૨૨ સુધી ત્રણ દિવસીય ભવ્યાતિભવ્ય શ્રી રામયાગ તથા એકાદશ કુંડીય મહારુદ્ર યાગ નું આયોજન કરવામાં આવ્યું હતું. સુંદર કલાત્મક વાસની ભવ્યાતિભવ્ય યાગ કુટીર બનાવવામાં આવેલ છે અને આકર્ષક રીતે શણગારવામાં આવેલ છે. વેદ શાસ્ત્ર સંપન્ન સાહિતાચાર્યા એવા આશરે ૭૫ જેટલા વેદોના પ્રચંડ પંડિતો દ્વારા વેદિક મંત્રોચાર તેમજ એક લાખ આહુતિ સાથે આ યાગ ત્રણ દિવસ સુધી ચાલ્યો હતો. આ યોગમાં ૨૨૦ કિલો કાળા તલ, ૪૦ કિલો સફેદ તલ, ૧૫૦ કિલો શુદ્ધ ગાયનું ઘી તથા સમિધ સહિત અનેક જરૂરી હવન સામગ્રીનો હોમ થયો હતો. આ મહોત્સવ દરમ્યાન ધાર્મિક ભાવના ઉજાગર કરવાના હેતુસર ડાયરો , ધર્મસભા, રાસગરબા વિગેરે સુંદર ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી છે. આ મહોત્સવમાં અનેકવિધ સંતો મહંતો, સમાજશ્રેષ્ઠિઓ તથા રાજસ્વી મહાનુભાવો ઉપસ્થિત રહેનાર છે આ મહોત્સવ માટે ૩૦ હજાર ચોરસ ફિટ દેદીપ્યમાન મંડપ, આકર્ષક ગેટ, સુંદર બેનરો સાથે યાગ સ્થળ તથા ગામને શણગારવામાં આવી છે.

યાગ સ્થળે ૨૫ ફુટ ઊંચાઈ અને ૨૦ ફુટ લંબાઈ વાળી દેદીપ્યમાન રામ પરિવારની પ્રતિમા દર્શનાર્થે મૂકવામાં આવી છે. આ મહોત્સવમાં પર્યાવરણ જાગૃતિ,પાણી બચાવો,બેટી બચાવો,સ્વચ્છતા,રોડ સેફટી વિગેરે જન ઉપયોગી સ્લોગનો દ્વારા સંદેશ પાઠવવાનો સુંદર પ્રયાસ કરાયો હતો. આ મહોત્સવને દિપાવવા આખું કોલવડા ગામ રોશની અને ધજા પતાકાથી શણગારવામાં આવી હતી. આ યોગમાં પાટીદાર સમાજની તમામ બહેન - દીકરીઓને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. તથા દરેકને યાગ નિમિત્તે ભગવાન રામ પરિવારની ચાંદીની સમૃતિભેટ આપવામાં આવી હતી.આ મહોત્સવમાં ત્રણેય દિવસો દરમ્યાન ગાયોને ઘાસચારો , સાકાર મિશ્રિત પાણી તથા પક્ષીઓ માટે ચણની વ્યવસ્થા કરી જનહિત હેતુ ઉત્તમ પુણ્ય કાર્ય કરવામાં આવ્યું હતું. આ મહોત્સવના ત્રણ દિવસ દરમ્યાન આશરે ૪૫૦૦૦ થી વધુ ભાવિક રામ ભક્તો એ દર્શનનો તથા પ્રસાદનો લાભ લીધો હતો.

# જન્મદિને વધામણી



પ્રકાશ એચ શાહ
મુખ્ય ઈજનેર (પાણી પુરવઠા)
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



પ્રદિપસિંહ અજીતસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



એમ કે દલસાણિયા
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



મહેન્દ્ર એસ આયલાણી
સૌરાષ્ટ્ર સેતુ વિકસી ન્યૂઝ, તંત્રી
મો. ૯૦૮૧૨ ૨૩૪૭૮



કાન્તિલાલ ટી ત્રિવેદી
મો. ૯૪૨૮૬ ૦૬૬૮૩



ઉન્નતિ ઉમાકાંતભાઈ ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



ગીતાબેન મુકેશભાઈ વેદ
મો. ૯૬૮૭૭૭૨૨૨૨



કોષા અભિષેક માધડ



જૈનિથ ચિરાગ સોલંકી
મો. ૯૪૨૮૪૦૫૫૨૩

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના ૪ કેસ નોંધાયા

## ગાંધીનગરમાં એક અને કલોલમાં ૩ કેસ નોંધાયા : બે મહિલા દર્દી નોંધાયા : શહેરમાં કોરોનાનો એક પણ કેસ નહિ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં ઉછાળો આવ્યો છે. ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના ૪ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધતા તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દીઓનો પણ સમાવેશ થાય છે. જિલ્લામાં આજે નોંધાયેલા કેસો જે અગાઉ સંવેદનશીલ તાલુકા હતા તે ગાંધીનગર અને કલોલમાં નોંધાયા છે. ગાંધીનગરમાં એક કેસ અને કલોલમાં ૩ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના નોંધાયેલા કેસો લોકલ ટ્રાન્સમિશનથી નોંધાયાનું તંત્રની પ્રાથમિક તપાસમાં જણાયુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો પુનઃ દેખાતા તંત્ર ચિંતાતુર બન્યુ છે. માણસા પછી હવે કલોલ અને ગાંધીનગમરાં સંક્રમણે દેખા દીધી છે. તંત્રએ તંત્રને સઘન સર્વેલન્સ, જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ તેમજ વેક્સિનેશન અભિયાન સઘન કરવા માટેની સૂચનાઓ આપી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં વાહકજન્ય રોગચાળાના કેસો પણ વધી રહ્યા હોવાનું જાણવા મળેલ છે. ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા ગામે ૧૮ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. કલોલમાં કલોલ શહેરમાં ૩૧ વર્ષીય પુરૂષ, ડીંગુચા ગામે ૫૨ વર્ષીય મહિલા તેમજ રણછોડપુરા ગામે ૨૭ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૪ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાતંત્રએ ૪૮૬ લોકોને હોમ આઈસોલેટ કર્યા છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. મહેતા ધનવીન બટુકભાઈ ઉ.વ. ૭૨, સેકટર-૨૯
- સ્વ. ઠાકોર જશીબેન ફતાજી ઉ.વ.૬૨, દોલારાણા વાસણા
- સ્વ. પરમાર જયેશકુમાર જશવંતલાલ ઉ.વ.૩૭, પેથાપુર
- સ્વ. મિસ્ત્રી રસીકભાઈ સોમનાથ ઉ.વ.૫૧, પેથાપુર
- સ્વ. ઠાકોર વિશાલજી મોહનજી ઉ.વ.૪૨, લિમ્બોદ્રા, માણસા
- સ્વ. મહેતા કિરણભાઈ પ્રવિણચંદ્ર ઉ.વ.૬૯, પેથાપુર
- સ્વ. વોરા કિર્તીકાન્ત છોટાલાલ ઉ.વ.૬૯, પેથાપુર
- સ્વ. પટેલ આનંદીબેન અરવિંદકુમાર ઉ.વ.૬૨, સેકટર-૨
- સ્વ. ચાવડા પ્રતિમાબા પ્રકાશસિંહ ઉ.વ.૬૩, સેકટર-૧૯

● રુદ્રભૂમિ ●

- સ્વ.રાઠોડ દિવાબેન નરસિંહભાઈ ઉ.વ.૬૫, સેકટર-૪